SANKALCHAND PATEL
UNIVERSITY
।। अथातो ज्ञानजिज्ञासा ।।

Faculty of Engineering & Technology

Sankalchand Patel
College of Engineering

(O) (02765) 232008, 227342 | Fax: 224982

નં. એસ.પી.સી.ઈ./ગુસાકા-૨૦૧૮/..૯૮૨૦/૯૭-૯૮ તા. ૧૮-૦૧-૨૦૧૮

પ્રતિશ્રી,

વિષયઃ સાંકળચંદ પટેલ યુનિવર્સિટી ખાતે ગુજરાત સાયન્સ કાર્નિવલ-૨૦૧૮ના કાર્યક્રમમાં સહયોગ તેમજ જરૂરી માર્ગદર્શન આપવા બાબત...

મે. સાહેબશ્રી,

સાંકળચંદ પટેલ યુનિવર્સિટી સંલગ્ન સાંકળચંદ પટેલ કોલેજ ઓફ એન્જીનીયરીંગ, વિસનગર ખાતે ટેકનિકલ અભ્યાસક્રમો વર્ષ ૧૯૯૯થી કાર્યરત છે. આ સંસ્થા દ્વારા સાયન્સ અને ટેકનોલોજીનો સ્કૂલ તથા કોલેજના વિદ્યાર્થીઓમાં વ્યાપ વધે તેવા આશય સાથે તા. ૨૦-૨૧ જાન્યુઆરી ૨૦૧૮ દરમ્યાન "ગુજરાત સાયન્સ કાર્નિવલ-૨૦૧૮" નું આયોજન કરવામાં આવેલ હતુ, પરંતુ સદર કાર્યક્રમ ગુજરાત સરકારના ઉપક્રમે થતો હોવાથી ફેરફાર કરી તા. ૨૫-૨૬ જાન્યુઆરી ૨૦૧૮ના રોજ રાખવામાં આવેલ છે. માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી સાહેબ તથા તેમના સહ આયોજકો પણ તા. ૨૫-૦૧-૨૦૧૮ના રોજ કાર્યક્રમમાં જોડાઈ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરશે.

સદર કાર્યક્રમમાં ધોરણ-૧૧ અને ૧૨ સાયન્સના તમામ વિદ્યાર્થીઓ તેમજ સંસ્થાના વિદ્યાર્થીઓ પોતાના પ્રોજેક્ટ સાથે સામેલ થશે. વિજેતા વિદ્યાર્થીઓને આકર્ષક ઈનામ આપી સંસ્થા દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવશે. આ કાર્યક્રમનો જાહેર જનતા પણ તા. ૨૬-૦૧-૨૦૧૮ના રોજ લાભ લઈ શકશે.

આ કાર્યક્રમના સફળ આયોજન માટે આપના તરફથી પ્રત્યક્ષ/પરોક્ષ રીતે જોડાવા સાથે જરૂરી સહયોગ મળે તેવી સંસ્થા દ્વારા અપેક્ષા રાખવામાં આવે છે, તો આપના સ્તરેથી જરૂરી માર્ગદર્શન તથા સહયોગ અમોને આપવા નમ્ર વિનંતી છે.

---

ક્રમાંક / ૨૬૯૭
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
જોરાવર પેલેસ,
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર.
તારીખ :- ૨૦-૦૨-૨૦૧૮

નકલ રવાના જાણ તથા બિડાણમાં સામેલ પત્રની તારીખમાં ફેરફાર થયેલ છે

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/ગ્રાન્ટેડ/નોન-ગ્રાન્ટેડ
વિ. પ્રવાહ ધરાવતી તમામ શાળાઓ

જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા જિલ્લા, પાલનપુર.

ક્રમાંક: માવિ.૬ /૨૦૧૮/ ૧૨૩૬-૩૭

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
બનાસકાંઠા,પાલનપુર
તા.૧૦/૦૧/૨૦૧૮

પ્રતિ,

આચાર્યશ્રી,

સરકારી/અનુદાનિત/બિન અનુદાનિત

વિજ્ઞાન પ્રવાહ ધરાવતી શાળાઓ તમામ

જિ.બનાસકાંઠા

**વિષય:- સાંકળચંદ પટેલ યુનિવર્સિટી ખાતે ગુજરાત સાયન્સ કાર્નિવલ-૨૦૧૮ના કાર્યક્રમમાં ભાગ લેવા બાબત.**

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, સાંકળચંદ પટેલ યુનિવર્સિટી સંલગ્ન સાંકળચંદ પટેલ કોલેજ ઓફ એન્જિનીયરીંગ, વિસનગર ખાતે સાયન્સ અને ટેક્નોલોજીનો સ્કુલ તથા કોલેજના વિદ્યાર્થીઓમાં વ્યાપ વધે તેવા આશય સાથે **"ગુજરાત સાયન્સ કાર્નિવલ-૨૦૧૮"**નું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. સદર કાર્યક્રમમાં ધો.૧૧-૧૨ સાયન્સના તમામ વિદ્યાર્થીઓ **JEE/JEE Advance/GUJCET** પરીક્ષાની માહિતી મેળવે તે માટે નીચે દર્શાવેલ સ્થળ, તારીખ અને સમયે મુલાકાત લે તથા માર્ગદર્શન મેળવે તેવું આયોજન આપની કક્ષાએથી કરશો.

"ગુજરાત સાયન્સ કાર્નિવલ-૨૦૧૮" ના આયોજનનું સ્થળ, તારીખ અને સમય:-

**સ્થળ:-** સાંકળચંદ પટેલ કોલેજ ઓફ એન્જિનીયરીંગ, વિસનગર

**તારીખ:-** ૨૦/૦૧/૨૦૧૮ શનિવાર

**સમય:-** સવારે ૯:૦૦ થી ૧૬:૦૦

**આ બાબતે સંસ્થાનો સંપર્ક નીચેના સંપર્ક નંબર પર થઈ શકશો:-**

૯૦૫૪૪૪૪૪૩૨, ૯૯૭૯૨૨૭૩૪૨, ૦૨૭૬૫-૨૨૭૩૪૨

ઈ-મેઈલ આઈ.ડી:- spce99@yahoo.com

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા,પાલનપુર

**નકલ રવાના**

- પ્રિન્સીપાલશ્રી,

સાંકળચંદ પટેલ કોલેજ ઓફ એન્જિનીયરીંગ, વિસનગર